**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 10-12-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## રાષ્ટ્રપતિ-માનઅધિકાર પંચ કાર્યક્રમમાં સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે માનવ અધિકાર દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ-NHRC દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરશે. માનવ અધિકાર દિવસ દર વર્ષે 10 ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આ વર્ષનો વિષય છે "આપણા અધિકારો, આપણું ભવિષ્ય, વર્તમાનમાં" છે. આ વિષય એ વાત પર ભાર મૂકે છે કે માનવ અધિકારો માત્ર મહત્વાકાંક્ષી નથી, પણ વ્યક્તિઓ અને સમુદાયોને વધુ સારા ભવિષ્યના નિર્માણ માટે સશક્ત બનાવવાનું એક વ્યવહારુ માધ્યમ પણ છે.

**RNU અમદાવાદ**

---

## P.M.- રામકૃષ્ણ મઠ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાણંદના લેખંબામાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું કે  આજે ભારત પોતાના જ્ઞાન, પરંપરા અને સદીઓ જૂના ઉપદેશોના આધાર પર આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે અમારો સંકલ્પ એક લાખ તેજસ્વી અને ઊર્જાવાન યુવાનોને રાજકારણમાં લાવવાનો છે, જે 21મી સદીના ભારતીય રાજકારણનો નવો ચહેરો બનશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ રામકૃષ્ણ મઠના વિવિધ પ્રકલ્પોના ઉદ્‌ઘાટન સમયે રાજ્યમાં ૧૦૦ કરોડથી વધુના ખર્ચે સ્વામી વિવેકાનંદ ટુરિસ્ટ સર્કિટનો વિકાસ થશે તેવી જાહેરાત કરી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------

## ભારતીય રિઝર્વ બેંકના ગવર્નરની નિયુક્તિ

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર તરીકે 1990 બેચના ભારતીય વહીવટી સેવા અધિકારી સંજય મલ્હોત્રાને નિયુક્ત કરવામાં આવ્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ તેમના નામને મંજૂરી આપી દીધી છે. આ પદ પર ત્રણ વર્ષના સમયગાળા માટે તેમની નિમણૂક કરવામાં આવી છે. રાજસ્થાન કેડરના IAS અધિકારી હાલમાં નાણા મંત્રાલયમાં મહેસૂલ સચિવ તરીકે કામ કરી રહ્યા છે.

**RNU અમદાવાદ**

---

## નાર્કોટિક્સ અને મિલકત વિરોધી ગુનાઓમાં ઘટાડો

રાજ્યમાં નાર્કોટીક્સ અને મિલ્કત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે.. રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા 'મેન્ટર પ્રોજેક્ટ'ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ઘટાડો થયો છે. 'મેન્ટર પ્રોજેક્ટ' અંતર્ગત હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬ હજાર ૫૦૦ રીઢા આરોપીઓનું ડેઇલી સર્વેલન્સ કરવામાં આવશે. તેવી જાહેરાત રાજ્યના પોલીસ વડા વિકાસ  સહાયે કરી છે.

આરોપી ફરીથી કોઇ ગુનો નકરે તે સતત વોચ રાખવી અને આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં  જોડાય તેવા પ્રયત્નો કરવાની મેન્ટરની મુખ્ય જવાબદારી સોંપાશે.

**RNU અમદાવાદ**

---

## પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષકની નિમણૂક

પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષક તરીકેનો હવાલો સંભાળતા વિકાસ સુંડાની આ પોસ્ટ પર વિધિવત નિમણૂક કરાઇ છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આઇપીએસ અને એસપીએસ કક્ષાના 25 અધિકારીની બદલીઓના આદેશ જાહેર થયા છે, જેમાં નિમણૂકની રાહમાં અને હાલ પશ્ચિમ કચ્છ પોલીસ અધીક્ષકનો હવાલો સંભાળતા વિકાસ સુંડાને વિધિવત નિમણૂક અપાઇ છે. અત્રે ઉલ્લેખનીય

છે કે બે માસ પૂર્વે ઓક્ટોબરમાં પશ્ચિમ પોલીસ અધીક્ષકના ઇન્ચાર્જ તરીકે શ્રી સુંડા આવ્યા હતા.

**N.P./ કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-રણોત્સ્વનો સત્તાવાર પ્રારંભ

પ્રવાસનક્ષેત્રે વિશ્વ વિખ્યાત બનેલા કચ્છના ધોરડો ખાતેના રણોત્સવને આગામી 15 મીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સત્તાવાર રીતે ખુલ્લો મૂકશે. ગત નવેમ્બર માસથી શરૂ થયેલ આ રણોત્સવમાં સુવિધા સભર ટેન્ટ સિટી, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની ખાસ સુવિધાઓ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઊભી કરાઇ છે ત્યારે સહેલાણીઓ મોટી સંખ્યામાં નમકઅચ્છાદીઠ રણની મુલાકાત લઇ રહ્યા છે.

**N.P./ કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## અંજાર ખાતે આયુષ મેળાનું આયોજન

કચ્છ અંજાર ખાતે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ શાખા કચ્છ અને સરકારી આયુર્વેદ હોસ્પિટલ- ભુજના સંયુક્ત ઉપક્રમે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સચ્ચિદાનંદ સંપ્રદાયના મહંત ત્રિકમદાસજી, જિલ્લા પંચાયત ભુજ

બાંધકામ સમિતિના ચેરમેન મશરૂભાઈ, આયુષ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------

## છારીઢંઢ પ્રાકૃતિક શિક્ષણ શિબિર

નખત્રાણામાં આવેલા છારીઢંઢ ખાતે આગામી 16 મીથી 30મી ડિસેમ્બર 2024 સુધી પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા માટે રસ ધરાવતી શાળા/કોલેજને આમંત્રિત કરવામાં આવે છે. ધોરણ ૮ થી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓને વહેલા તે પહેલાના ધોરણે તક આપવામાં આવશે.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં આગામી 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ઘટવાને કારણે ઠંડી વધશે, તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે. જો કે તાપમાનમાં આ ઘટાડો ચારથી પાંચ દિવસ દરમિયાન યથાવત રહેશે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થવાની

શક્યતાને કારણે ઠંડીનું જોર ઘટી શકે છે, તેમ હવામાન શાસ્ત્રી પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

દરમિયાન કચ્છમાં છેલ્લા બે દિવસથી પારો ગગડતા ઠંડીનો ચમકારો વધ્યો છે. દેશના ઉત્તરીય પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાની અસર તળે કચ્છમાં પણ પવનની દિશા બદલાતા માહોલમાં શિત લહેર પ્રસરી ગઇ છે. શીત મથક નલિયા ગઇકાલે 7.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ ઉષ્ણાતામાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડુ મથક બન્યું હતું. જિલ્લા મથક ભુજમાં 12 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ ઉષ્ણાતામાન સાથે તીવ્ર ઠારનો અનુભવ થયો હતો.

**N.P./** કલ્પના શાહ

---